ઘ-માર્ગ પર ચાલુ બાઈકે મહિલાના ગળામાંથી મંગળસૂત્રની તફડંચી

પાટનગરમાં ધોળે દિવસે વધુ એક ચેઈન સ્નેચીંગથી સન્નાટો

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સેક્ટર-૭ ખાતે રહેતી મહિલા આજે સવારના સુમારે ઘ-માર્ગ પરથી એકટીવા લઈને પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન બાઈક પર આવેલા ચેઈન સ્નેચરે ચાલુ બાઈકે મહિલાના ગળે હાથ નાંખીને રૂ. ૪૫ હજારની કિંમતનું મંગળસૂત્ર આંચકી પલવારમાં રફુચક્કર થઈ ગયો હતો. સે. ૨૧ પોલીસે મહિલાની ફરીયાદને આધારે ચેઈન સ્નેચીંગનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પાટનગરમાં ફરીવાર ચેઈન સ્નેચરોએ ધોળે દિવસે કળા કરવાનું શરૂ કરી દીધુ છે. આજે ઘ-માર્ગ જેવા ખુબજ અવરજવર વાલા વિસ્તારમાં બાઈક પર આવેલા શખ્સે મહિલાના ગળામાંથી સોનાનું કિંમતી મંગળસૂત્રની તફડંચી કરી હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. સેક્ટર-૭-એ પ્લોટ નં. ૨૬૬/૨માં રહેતા જ્યોત્સાબેન કુણાલભાઈ દેસાઈ આજે સવારે ૧૧ વાગ્યાના સુમારે પોતાનું એક્ટીવા લઈને ઘ-૫ થી ઘ-૪ તરફ જઈ રહ્યા હતા. તે દરમ્યાન એક શખ્સ બાઈક પર પીછો કરતો તેમની પાછળ આવ્યો અને નજીક આવીને ચાલુ બાઈકે જ્યોત્સનાબેનના ગળે હાથ મારીને પહેરેલું સોનાનું આશરે ૪૫ હજારની કિંમતનું મંગળસૂત્ર તફડાવી લીધુ હતી. મહિલાએ બુમાબુમ કરતા આસપાસથી પસાર થતા રાહદારીઓનું ટોળુ એકઠું થઈ ગયું હતું પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચર નાસી છૂટવામાં સફળ થઈ ગયો હતો. સે. ૨૧ પોલીસે મહિલાની ફરીયાદ લઈ ચેઈન સ્નેચરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સરકીટ હાઉસને કોર્પોરેટ ટચ અપાયા બાદ ઉદ્યાન પણ નયનરમ્ય બનશે

વી.વી.આઈ.પી. લોન્જ, કોન્ફરન્સ વોલ, ફ્લોરીંગ પાર્કીંગ અને ફર્નિચરનું કામ પૂર્ણ કરાયું

ગાંધીનગર, તા. ૨૭

બે વર્ષના અંતે સરકીટ હાઉસના રીનોવેશનની કામગીરી મોટાભાગે પૂર્ણ થઈ ગઈ છે. સરકીટ હાઉસના બિલ્ડીંગને કોર્પોરેટ ટચ આપવા રૂ. ૧.૫૦ કરોડથી પણ વધુ ખર્ચ થયોછે. બિલ્ડીંગ રીનોવેશનના અંતે સરકીટ હાઉસના બગીચાને નયનરમ્ય બનાવવા પણ ચક્રો ગતિમાન કરાયા છે. આ મામલે તંત્ર દ્વારા સી.ટી.પી. કક્ષાએથી અભિપ્રાય માંગવામાં આવ્યો છે.

શહેરની સરકારી બિલ્ડીંગોને આકર્ષક બનાવવા છેલ્લા કેટલાક સમયથી 'કોર્પોરેટર ફિવર' છવાયો છે. નગરની જૂની-પૂરાની સરકારી કચેરીઓને પણ કરોડોના ખર્ચે અદ્યતન બનાવવાનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. જ્યારે નવ નિર્માણ પામતા બિલ્ડીંગોમાં પણ કોર્પોરેટ કલ્ચરલનો ટેસ્ટ જોવા મળે છે. અતિથિઓના આદર-સત્કાર માટેના સરકીટ હાઉસને પણ અદ્યતન ટચ આપવા બે વર્ષ અગાઉ રીનોવેશનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકીટ હાઉસના રીનોવેશનની મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે વી.વી.આઈ.પી. લોન્જ, કોન્ફરન્સ વોલ, ફ્લોરીંગ ટોયલેટ રીનોવેશન, પાર્કીંગ સુવિધા તેમજ અદ્યતન ફર્નિચર બનાવવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે.

(તસવીર : દિપક જાની)

આ ઉપરાતં બિલ્ડીંગના નવીન ઈલેક્ટ્રીફીકેશન પાછળ પણ રૂ. ૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે સરકીટ આઉસના બિલ્ડીંગ રીનોવેશન બાદ હવે કેમ્પસમાં સ્થિત ઉદ્યાનને વિકસાવવા પણ આયોજન હાથ ધરાયું છે. બગીચામાં ફાઉન્ટેઈન મુકવા પણ વિચારણા હાથ ધરાઈ છે. આ મામલે તંત્રએ સી.ટી.પી.નો અભિપ્રાય પણ માગ્યો છે.

વાવોલ ગામમાં ભારતીય જનતા પાર્ટીની બેઠક મળી

અતિ પછાત જાતિના ૨૫૦ સભ્યો પાર્ટીમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીની બેઠક મળી હતી. પાર્ટીને વધુ સંગઠીત અને મજબૂત બનાવવા માટે ગામના ૨૫૦ થી પણ વધુ અતિ પછાત જાતિના નાગરિકો ભા.જ.પા.માં જોડાયા હોવાની વાત જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઝાલાએ જણાવી હતી.

વાવોલ ગામે તાલુકા પ્રમુખ શૈલેષભાઈ પટેલની અધ્યક્ષતામાં ભારતીય જનતા પાર્ટીની એક બેઠક તાજેતરમાં મળી હતી. બેઠકમાં અતિ પછાત જાતિના ૨૫૦ નાગરિકોએ ખાસ હાજરી આપી પાર્ટીમાં જોડાયા હતા. જયંતિભાઈ નાડીયા, ગ્રામ પંચાયતના પૂર્વ સદસ્યા મીનાબેન નાડીયા, કેશાભાઈ નાડીયા, મનોજભાઈ નાડીયા, કાળુભાઈ નાડીયા, મનોજભાઈ નાડીયા, વિઠ્ઠલભાઈ નાડીયા વગેરે આગેવાનો તેમજ અન્ય જ્ઞાતિબંધુઓ જોડાયા હતા. આ પ્રસંગે ભા.જ.પા.ના આગેવાનો દિલીપસિંહ ગોલ, પ્રવીણસિંહ ગોલ, કે.કે. ગોલ અને મનસુખભાઈ પ્રજાપતિ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સૌ નવનિયુક્ત સભ્યોને પાર્ટીમાં આવકાર્યા હતા.

રાજયના ચાર લાખ પેન્શનર્સની સરકારને ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળ અને અમદાવાદ ગુજરાત પેન્શનર સમાજ દ્વારા મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીને પેન્શનર્સના અટવાયેલા ૧૦પ્રશ્નોના નિકાલ માટે તમામ જિલ્લા અને તાલુકા મંડળોદ્વારા રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગર પેન્શનર્સ મહામંડળના મહામંત્રી કાલીદાસ પટેલે વધુમાં જણાવ્યું છે કે, રાજય સરકાર સમક્ષ ગુજરાતના પેન્શનર્સ સમાજે પોતાના અટવાયેલા પ્રશ્નોના ઉકેલ માટે ઘણા સમયથી રજૂઆત કરી છે અને નિવૃત્તોના આ પ્રશ્નોનો ઉકેલ લાવવા જણાવ્યું છે. નિવૃત્તોએ પોતાના પ્રશ્નોમાં જણાવ્યું છે કે, અપરિણીત પુત્રીઓને કેન્દ્રની જેમ ઉંમરની આંટ સિવાય પેન્શન આપો, ૩૦૦ રજાઓ વેકેશનના કર્મચારીઓને આપવા બાબત શિક્ષણ વિભાગને રજૂઆત કરવામાં આવી છે તથા ૩૦૦ રૂ. મેડીકલ માટે મળે તેવું પણ જણાવ્યું છે.

છઠ્ઠા પગારપંચના નિવૃત્તોને તફાવતના નાણં તેમજ પાંચમો હપ્તો ચૂંટણી પહેલા આપો. ફેમીલી પેન્શનર્સને ઉત્તરક્રિયાના નાણાં આપો અને હિયરીંગ મશીન કુટુંબ પેન્શનર પતિ-પત્નીને આપો. મૃત્યુ પામનાર પેન્શનરને જે તે માસનું પુરું પેન્શન આપો. અન્ય દર્દો માટે જિલ્લા કક્ષાની ખાનગી હોસ્પિટલોને માન્યતા આપવા તથા રૂ. ૫૦૦૦ના મેડીકલ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રેફરલ હોસ્પિટલના ડોકટરોને કાઉન્ટર સહીતની સત્તા આપવા તથા જન્મ તારીખ માટે ફેમીલી પેન્શનર્સને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રેફરલ હોસ્પિટલને માન્યતા આપવા અને એસ.ટી.માં અન્ય રાજયોની જેમ ૫૦ ટકા રાહત આપવા ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળ-વડોદરા ગુજરાત પેન્શનર સમાજ અમદાવાદે ખાસ રજૂઆત કરી છે.

સે-૨૪માં માનસિક અસ્થિર મહિલાનો ઘરોમાં ઘુસી આતંક

ગાંધીનગર, તા.૨૭

સેકટર-૨૪માં પોલિસ ચોકી આસપાસનાં વિસ્તારમાં માનસિક રીતે અસ્થિર એવી એક મહિલાએ વસાહતીઓનાં ઘરમાં ઘુસીને જાન તેમજ મુદ્દામાલને હાનિ પહોંચડવાનાં પ્રયાસો કર્યા હતાં. પ્રાપ્ત થતી માહિતી મુજબ સેકટર-૨૪માં પોલિસ ચોકીની નજીકનાં જ વિસ્તારોમાં આ માનસિક રીતે અસ્થિર મહિલાએ વસાહતીઓના ઘરમાં જઈ તોડફોડ મચાવી હોવાની વિગતો સાંપડી છે. અહીંયા વ્યકિતની અંગત અને પારિવારિક સલામતી અંગે ખૂબ જ મોટો પ્રશ્ન ત્યાંના રહીશોમાં ઉભો થયો હતો. જેમાં નજીકમાં પોલિસ ચોકી વિસ્તાર હોવા છતાંય લોકોમાં ભય અને અયોગ્ય સલામતીનાં પ્રશ્નો ઉભા થયાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કિસ્સામાં 'દિવા તળે જ અંધારું' એમ પોલિસ ચોકીની આસપાસનાં વિસ્તારમાં જ આ મહિલા લોકોનાં ઘરમાં ઘુસીને આતંક મચાવી રહી હોવા છતાંય પોલિસ નિષ્ક્રિય રહી હોવાનું ત્યાંના સ્થાનિક વસાહતીઓ જણાવી રહ્યાં હતાં.

સંતશ્રી રોહિતદાસ સેવા સમાજના પ્રમુખ તરીકે અનિલ પરમારની વરણી

ગાંધીનગર, તા. ૨૭

સંતશ્રી રોહિતદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગરના પ્રમુખ તરીકે સંસ્થાની કારોબારીએ વર્ષ ૨૦૧૨-૧૩ માટે અનિલભાઈ કે. પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

ભા.જ.પા.ના અનુ. મોરચાના સક્રિય સભ્ય પરિવર્તન પાર્ટીમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૭

ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચાના સક્રિય સભ્ય મધુબેન ડી. પરમારે તાજેતરમાં પરિવર્તન પાર્ટીમાં જોડાવાનો નિર્ધાર કર્યો છે. મધુબેન પરમારે ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે અને મધુકર પરમારની આગેવાની હેઠળ અન્ય કાર્યકરો સાથે પરિવર્તન પાર્ટીમાં જોડાઈ ગયા છે.

બસો બ્યાસી વણકર સમાજનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર આંબેડકર હોલ, સેક્ટર-૧૨ ખાતે આજે બસો બ્યાસી વણકર સમાજનો સન્માન સમારંભ યોજાયો હતો.

વણકર સમાજના સન્માન સમારંભમાં મંત્રી રમણલાલ વોરાના હસ્તે સમાજના ૪૮ તેજસ્વી તારલાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ વણકર સમાજની છેલ્લી પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મધુકર પરમારે કર્યુ હતું. કાર્યક્રમમાં સમાજના મોટી સંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય સભા મળી

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય સભા તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજવામાંઆવી હતી. જેમાં મંડળના પ્રમુખ તરીકે ધનજીભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

તલોદના ખેરોલ ગામના ધનજીભાઈ પટેલની પ્રમુખ તરીકે વરણી થતા વડોદરા, ખેડા, આણંદ, માણસા, લુણાવાડા, ભરૂચ અને સુરત જિલ્લાના પદાધિકારીઓએ ફૂલહારથી તેમનું સ્વાગત કર્યું હતું અને 'સૌનો સાથ પેન્શનર્સનો વિકાસ' સૂત્ર સાથે કામગીરી કરવાની ખાતરી આપી હતી. દર સોમ અને મંગળવારે ગાંધીનગર કાર્યાલય ખાતે તેઓ મળશે તેવી નેમ પણ દર્શાવી હતી. ટૂંક સમયમાં પેન્શનર્સના પ્રશ્નો અંગે અગ્ર સચિવ ગુજરાતને આવેદનપત્ર આપવામાં આવશે તેવું ધનજીભાઈ પટેલે જણાવ્યું હતું તથા તમામ સભાસદોનો આ પ્રસંગે આભાર પણ વ્યક્ત કર્યો હતો.

ખોડીયાર કન્ટેનર ડેપો પાસે આડેધડ પાર્કીંગ કરતા ચાલકો પર તવાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત ખોડીયાર કન્ટેનર ડેપો ખાતેના આડેધડ પાર્કીંગના ટ્રેલર ચાલકોના વર્ષો જુના ત્રાસને પગલે સંખ્યાબંધ માર્ગ અકસ્માતોના કિસ્સાઓ બનવા પામ્યા છે. દરમિયાન આ વર્ષો જુની સમસ્યાનો ઉકેલ લાવવા અડાલજ પોલીસે ટ્રેલર ચાલકો વિરૂધ્ધ લાલ આંખ કરી એક જ દિવસમાં રૂ. ૧૩ હજારથી વધુ કિંમતનો સ્થળ દંડ ફટકારતાં ટ્રેલર ચાલકોમાં ફફડાટ મચી ગયો છે.

ખોરજ-ખોડીયાર વિસ્તારમાં સ્થિત કન્ટેનર ડેપો ખાતે ટ્રેલરો અને ટેન્કરોના ચાલકો દ્વારા આડેધડ પાર્કિંગ કરી દેવાની સમસ્યાનો સામનો વર્ષોથી વાહનચાલકો કરી રહ્યા છે. આ ટ્રેલરો કેટેન્કરોપર રીફલેકટર કેરેડીયમ પટ્ટી અથવા લાઈટ પણ ન હોવાને કારણે રાત્રિ દરમિયાન માર્ગ અકસ્માતોના પણ સંખ્યાબંધ કિસ્સાઓ બને છે. આ સમસ્યાના નિરાકરણના પ્રયાસ અર્થે અડાલજ પી.આઈ. એસ.જી. પરમારે ગઈ કાલે તેમની ટીમને દોડતી કરી હતી. આડેધડ પાર્ક કરેલા વાહનોને સ્થળ પર જ પાવતી પકડાવી દંડનીય કામગીરી શરુ કરાતા કન્ટેનરો વ્યવસ્થિત ગોઠવાઈ ગયા હતાં. એક જ દિવસમાં રૂ. ૧૩ હજારથી વધુ રૂપિયાનો દંડ કન્ટેનર ચાલકો પાસેથી વસુલવામાં આવ્યો છે. આ કામગીરી હજુ પણ થોડો સમય ચાલુ રહેશે તો કન્ટેનર ડેપો પાસેનો આડેધડ પાર્કિંગનો વર્ષો જુનો પ્રશ્ને ઉકેલાઈ જશે તેવી શકયતા નકારી શકાય નહીં.

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ, ગાંધીનગરની સામાન્ય સભા તાજેતરમાં ટાઉનહોલ, સેક્ટર-૧૭ના લોન ખાતે મળી હતી. બેઠકમાં નવીન કારોબારી સમિતિની પુનઃ રચના કરવામાં આવી હતી અને ઉપ કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ભારતીય સનદી સેવામાં ઉત્તીર્ણ થયેલા ગૌરાંગભાઈ મકવાણાનું સન્માન કરવાનું સમગ્ર બેઠકમાં આયોજન કરવામાં આવ્યું હતું તથા સમાજના છેલ્લા ત્રણ વર્ષોમાં ધો. ૧૦, ૧૨ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તારલાઓને પણ સન્માનવાનું આયોજન કર્યુ છે. ટ્રસ્ટના સભ્યોએ સન્માન સમારંભના આયોજનના ખર્ચપેટે સ્વયંભૂ નાણાંકીય યોગદાન તરીકે ૫૧૧૩૫ જેટલી રકમ ટ્રસ્ટને ફાળા પેટે આપી છે જે માટે ટ્રસ્ટે આભાર વ્યક્ત કર્યો છે.

રાંધેજા વિદ્યાપીઠ સામે ટ્રેક્ટરે રિક્ષાને અડફેડે લીધી : ૩ ઘવાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક આવેલી રાંધેજા વિદ્યાપીઠ સામેના માર્ગ પરથી પસાર થઈ રહેલી મુસાફરો ભરેલી રિક્ષાને પુરપાટ ઝપટે નિકળેલા ટ્રેક્ટરે અડફેટે લઈ લેતા રિક્ષા ફંગોળાઈને તેનો બુકડો બોલી ઊઠ્યો હતો. રિક્ષામાં સવાર ત્રણ મુસાફરોને આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. પેથાપુર પોલીસે કલોલના રિક્ષાચાલકની ફરીયાદને આધારે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની શોધખોળ આરંભી છે.

કલોલના રહેવાસી રિક્ષાચાલક નાસીરખાન બિસ્મીલ્લાખાન પઠાણ મુસાફરો ભરીને રાંધેજા-પેથાપુર માર્ગ પરથી રિક્ષા લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે સવારના નવેક વાગ્યાના અરસામાં પુર ઝડપે પસાર થઈ રહેલા ટ્રેક્ટર નં. જીજે-૧૮-એ.આર.૮૮૭ના ચાલકે રાંધેજા વિદ્યાપીઠ સામેના માર્ગ પર રિક્ષાને અડફેટે લઈ લીધી હતી. આ અકસ્માતમાં રિક્ષાચાલક સહિત ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવેલા ત્રણેય ઈજાગ્રસ્તોની હાલત હાલ સુધારા પર હોવાનું તબીબોનું કહેવું છે. જો કે અકસ્માત સર્જ્યા બાદ ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર મુકીને બનાવ સ્થળેથી ફરાર થઈ ગયો હતો. રિક્ષાચાલક નાસીરખાન પઠાણની ફરીયાદ લઈને પેથાપુર પોલીસે અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

અડાલજમાં લીગલ એઈડ કલીનીકની સ્થાપના

ગાંધીનગર, તા. ૨૭

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળની લીગલ એઈડ કલીનીકની યોજના હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા ગાંધીનગરના અગ્રણી સામાજિક કાર્યકરો તથા અડાલજ ગ્રામ પંચાયતના સહયોગથી અડાલજ ગ્રામ પંચાયત ખાતે ગાંધીનગરની સૌપ્રથમ લીગલ એઈડની સ્થાપના કરવામાં આવી છે.

સરપંચશ્રી પુનમભાઈ ભુરીયા જિલ્લા વિકાસ અધિકારી ગાંધીનગરે લીગલ એઈડ કલીનીકની રીબીન કાપીને ઉદ્ઘાટન કર્યું હતું. અડાલજ, ઝુંડાસ, જમીયતપુરા, દંતાલી તેમજ ખોરજની ગ્રામજનતાને મફત કાનૂની સલાહ દરમ્યાન બીજાને ચોથા ગુરૂવારના રોજ આપવામાં આવશે.

સદરહુ લીગલ એઈડ કલીનીકના ઉદ્ઘાટનમાં સામાજિક કાર્યકર અરૂણભાઈ બુચ, સુધીરભાઈ દેસાઈ, કિશોર જીકાદરા, સીતારામ પટેલ, મયુરભાઈ વ્યાસ, લત્તાબેન ચોકસી, આશાબેન સરવૈયા, ભદ્રશીલાબેન ત્રિવેદી, ઉપ સંરપંચ જયેશભાઈ પટેલ, ગ્રામપંચાયતના સભ્યો તથા તલાટી, સરપંચ વગેરે હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

'સ્વામી વિવેકાનંદજી કે સપનોં કા ભારત' કાર્યક્રમ યોજાયો

સમગ્ર ભારત દેશ સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવી રહ્યો છે ત્યારે મહાપુરુષ સ્મૃતિ સ્મારક સેવા ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં 'સ્વામી વિવેકાનંદજી કે સપનો કા ભારત' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સ્વામી વિવેકાનંદજી કે સપનો કા ભારત કાર્યક્રમમાં વકતા તરીકે અભિલેખાગાર ગુજરાત પ્રાંતના કેશવ વિનાયક રાવ આણેરાવ મુખ્ય મહેમાન તરીકે ઈન્ડિયન લાયન્સના નેશનલ ચેરમેન અક્ષયભાઈ ઠક્કર, ચકુભાઈ દેસાઈ અતિથિ વિશેષ તરીકે સી.સી. શેઠ કોમર્સ કોલેજના આચાર્ય એસ.કે. મનસુરી, યોગાચાર્ય અને એસ્ટ્રોલોજીસ્ટ નીતિનભાઈ ત્રિવેદી તથા હર્ષદભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સ્વામીજીના જીવન સ્મરણની અનુભૂતિ કરાવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૫

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૫ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ : ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૩૦, ૩.૦૦
ધ એક્ષપન્ડેબલ-૨ (અંગ્રેજી) : ૮.૦૦
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૩.૧૫, ૮.૧૫
: સ્ક્રીન-૪ : એક થા ટાઈગર : ૧૦.૦૦, ૪.૩૦
શીરીન ફરહાદ કી તો નિકલ પડી : ૨.૩૦, ૭.૩૦
ગેન્સ ઓફ વાસેપુર -૨ : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૪૫, ૧.૧૫, ૩.૪૫, ૬.૧૫, ૮.૪૫, ૧૧.૦૦
: સ્ક્રીન-૨ :
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૮.૩૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સૂર્યા, વાવોલ

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્સ્પેક્ટર અર્જુન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
શીરીન ફરાહદ કીતો નિકલ પડી : ૧૦.૩૦,૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.,

ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં માનસી ગંગા અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કથા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.

આપની આજ

મેષ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ.

વૃષભ : ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

કર્ક : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

સિંહ : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

કન્યા : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

તુલા : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

વૃશ્ચિક : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું.

ધન : ખાનપાનની અનિયમિતતાથી બચવું. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

મકર : શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે.

કુંભ : તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.

મીન : સ્નેહીજનથી મુલાકાત થઈ શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. ધાર્મિક બાબતે રુચિ વધશે. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

ચિરવિદાય

- સ્વ. સુશીલાબેન અરવિંદભાઈ રાઠોડ (ઉ.વ. ૭૦) માતૃછાયા, પ્લોટ નં. ૩૬૦/૨, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. કાંતાબેન શકરાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મનુભાઈ મૂલચંદદાસ ભાવસાર (ઉ.વ. ૭૦) મુ.પો. દોલારાણા વાસણા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અંબાબેન બબાજી ઠાકોર (ઉ.વ. ૬૩) મુ.પો. સોનીપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રકાશબા પ્રવિણસિંહ રાણા (ઉ.વ. ૩૮) મુ.પો. ધણપુરા (ભુડિયા), તા., જિ. ગાંધીનગર.